RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 297 * Date: 17.08.2024,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારતમાં ઓલિમ્પિકસ કરાવવા તૈયારી:મોદી



વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિકસનું આયોજન ભારતમાં કરવાના સંકલ્પને પુનરાવર્તિત કરતા સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે દેશ આગામી ઓલિમ્પિકસ મહાકુંભનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યો છે. તેમણે પોતાના સંબોધનમાં ઓલિમ્પિકસ વિજેતાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાનએ કહ્યું હતું કે, ‘મિત્રો, ભારતનું સપનું છે કે ૨૦૩૬માં ઓલિમ્પિકસ ભારતની ધરતી પર યોજાય. તેના માટે અમે તૈયારી કરી રહ્યા છીએ અને આગળ વધી રહ્યા છીએ. ભારતે ગયા વર્ષે મુંબઈમાં આયોજિત ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (આઈઓસી)ની કોન્ફરન્સ દરમિયાન ઓલિમ્પિકસની યજમાની કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આવતા વર્ષે આઈઓસીના પ્રમુખની ચૂંટણી યોજાવાની છે અને તે પછી વર્ષ ૨૦૩૬ ઓલિમ્પિકસની યજમાની અંગેનો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

વર્ષ ૨૦૨૮માં લોસ એન્જલસ, અમેરિકામાં ઓલિમ્પિકસનું આયોજન કરશે, જ્યારે ૨૦૩૨માં બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયામાં ઓલિમ્પિકસની યજમાની કરશે. ભારતે હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે તે કયા શહેર માટે ઓલિમ્પિકસની યજમાનીનો દાવો કરશે. આ પ્રસંગે મોદીએ પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. તાજેતરમાં સમાપ્ત થયેલ પેરિસ ઓલિમ્પિકસમાં ભારતે ૧ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૬ મેડલ જીત્યા હતા.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, ‘આજે આપણી સાથે તિરંગાના ધ્વજ નીચે એ યુવાનો બેઠા છે જેમણે ઓલિમ્પિકસની દુનિયામાં ભારતનું નામ રોશન કર્યું છે, હું તમામ ખેલાડીઓને ૧૪૦ કરોડ દેશવાસીઓ વતી અભિનંદન આપું છું, આપણે નવા સપના, નવા સંકલ્પો અને પ્રયાસો સાથે નવા લક્ષ્યો તરફ આગળ વધીશું.‘

વડાપ્રધાને પેરા ઓલિમ્પિકસ માટે પણ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. પેરા ઓલિમ્પિકસની શરૂઆત ૨૮ ઓગસ્ટથી પેરિસમાં યોજાશે. તેમણે વધુમાં કહ્યું કે, ૪-૨૦ સમિટે સાબિત કર્યું કે ભારત સૌથી મોટી ઈવેન્ટ્સનું પણ આયોજન કરવા માટે સક્ષમ છે.

## ચૂંટણીનું શેડ્યૂલ જાહેર થાય તે પહેલાં મોટો ફેરબદલ, જમ્મુ-કાશ્મીરમાં એકસાથે ૨૦૦ અધિકારીઓની બદલી



ભારતીય ચૂંટણીપંચ દ્વારા આજે (૧૬ ઓગસ્ટ) એક મહત્ત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ કરીને જમ્મુ-કાશ્મીરના ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરશે. જો કે આ જાહેરાત પહેલા જ રાજ્યમાં મોટા પાયે વહીવટી તંત્રમાં ફેરબદલ કરવામાં આવ્યો છે. સરકારે લગભગ ૨૦૦ સિવિલ તેમજ પોલીસ અધિકારીઓની બદલી કરી છે.

સરકારે ગુરુવારે (૧૫ ઓગસ્ટ) સાંજે વિવિધ વિભાગોના ૮૮ આઈએએસ અને કેએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી, જ્યારે આજે (૧૬ ઓગસ્ટ) આઈજીથી લઈને એસએસપી સુધીના ૩૩ પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી, જેમાં આઈજી સીઆઈડી, રેન્જ ડીઆઈજી અને જિલ્લા એસએસપીનો સંપૂર્ણ ચાર્જ સામેલ છે. સૂત્રોનું કહેવું છે કે આગામી ૩ કલાકમાં ટ્રાન્સફરની બીજી યાદી જાહેર થવાની શક્યતા છે.આ અધિકારીઓની બદલી અંગે જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સ (ત્નદ્બદ્ઘઝ)ના નેતા ઓમર અબ્દુલ્લા (ંદ્બટ્ઠિ છહ્વઙ્ઘેઙ્મઙ્મટ્ઠર)એ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે ‘જમ્મુ-કાશ્મીર પ્રશાસને આ મોટા પાયે ફેરબદલનો આદેશ આપવા માટે સ્વતંત્રતા દિવસ પર કામ કરવા માટે સચિવાલય અને પોલીસ હેડક્વાર્ટરમાં અધિકારીઓને બોલાવવા પડ્યા, મને જાણવા મળઅયું છેકે આ અધિકારીઓને બિલકુલ ખ્યાલ નહોતો કે ચૂંટણી પંચ આજે ચૂંટણીની તારીખો જાહેર કરશે. એક વધુ મોટું કારણ છેકે ચૂંટણી પંચે આ ટ્રાન્સફર ઓર્ડરને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીના પરિપ્રેક્ષ્યથી જોવી જોઈએ.‘ નેશનલ કોન્ફરન્સને શંકા છે કે લેફ્ટનન્ટ ગવર્નરના ઈરાદા પક્ષપાતી રહ્યા છે.

## સફાઇકર્મીને અહીં સુધી કેમ ઢસડ્યો, અધિકારીઓના નામ આપો...સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને લગાવી ફટકાર



સફાઈ કર્મચારીની સેવાઓને નિયમિત કરવાના ગુજરાત હાઈકોર્ટના આદેશ પછી રાજય સરકારના એક અધિકારીએ સફાઈ કર્મચારીને લાભ આપવવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવાની સામે સુપ્રીમ કોર્ટે વાંધો વ્યક્ત કર્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચે ગુજરાત સરકાર પાસેથી ગુજરાત હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવાની સલાહ આપનારા અધિકારીઓ વિશે ગુજરાત સરકાર પાસેથી વિગતો માંગી હતી.બાર એન્ડ બેન્ચની રિપોર્ટ પ્રમાણે, જસ્ટિસ વિક્રમ નાથે કહ્યું હતું કે, ‘અમે જાણવા માંગીએ છીએ કે ક્યાં અધિકારીએ હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ આ સ્પેશિયલ લીવ પીટીશન દાખલ કરવાની સલાહ આપી છે.‘સપ્ટેમ્બર ૨૦૨૩ના ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે છેલ્લા એક દાયકાથી વધુ સમયથી સરકાર માટે કામ કરતા એક સફાઈ કર્મચારીને લાભ આપવવા માટે રાજયની અપીલ પર બેન્ચ સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, રાજ્ય સરકારે હાઈકોર્ટના આદેશનું પાલન કરવાની જગ્યાએ સફાઈ કર્મચારીને સુપ્રીમ કોર્ટ સુધી પહોંચાડવાનો વિકલ્પ પંસદ કર્યો છે.

કોર્ટે આદેશમાં કહ્યું હતું કે, ‘આદેશનું પાલન કરવાની જગ્યાએ રાજ્ય સરકારે આ કેસમાં એક સફાઈ કર્મચારી સફાઇકર્મીને અહીં સુધી કેમ ઢસડ્યો. જે અધિકારીએ સ્પેશિયલ લીવ પીટીશન દાખલ કરવાની સલાહ આપી છે અમે તેમની પાસેથી એક સોગંદનામુ માંગી રહ્યાં છીએ.‘

## ફરી એકવાર દુનિયાનું સૌથી સુરક્ષિત શહેર અબુ ધાબી

કોલકાતા ડોક્ટર બળાત્કાર કેસથી દેશભરમાં મહિલાઓની સુરક્ષા અંગે વિવિધ સવાલો ઊભા થયા છે. ત્યારે અત્યંત કડક કાયદા અને ગુનેગારો તરફ આકરૂ વલણ રાખતાં મધ્ય-પૂર્વના દેશો વિશ્વના સૌથી સુરક્ષિત શહેરોની યાદીમાં ટોપ-૧૦ સ્થાન ધરાવે છે. વિશ્વના ટોચના ૫૦ સુરક્ષિત શહેરોમાં ભારતના એક પણ શહેરનું નામ નથી.વિશ્વના સુરક્ષિત શહેરોમાં અબુ ધાબી સતત આઠમી વખત અગ્રણી રહ્યું છે. મધ્ય-પૂર્વ અને ઉત્તર આફ્રિકા (સ્ઈદ્ગછ) પ્રદેશમાં અબુ ધાબી સૌથી સુરક્ષિત અને રહેવા લાયક શહેર છે. નુમ્બેઓના ગ્લોબલ રેન્કિંગ્સ તાજેતરમાં જારી કરાયેલા ૨૦૨૪ માટે ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (ઈૈં) અને નુમ્બિઓના ગ્લોબલ રેન્કિંગમાં આ દાવો કરવામાં આવ્યો છે.

## અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થરાદ શાખા દ્વારા એ.પી ત્રિવેદી કોલેજ ખાતે તિરંગા યાત્રાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો




**નગરમંત્રી રાજેશભાઈ જોષી(નાનોલ) સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા**

પ્રતિનિધિ : થરાદ

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થરાદ શાખા દ્વારા છેલ્લા ચાર વર્ષથી દર વખતે ૧૫મી ઓગસ્ટ નિમિત્તે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે ગતરોજ પણ થરાદના ખોરડા ખાતે આવેલી એપી ત્રિવેદી કોલેજમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલું હતું જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ કોલેજના પ્રાધ્યાપકો કોલેજના પ્રિન્સિપાલ ભમરસિંહ સોઢા,અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થરાદ શાખાના નગરમંત્રી અને ભાગ સંયોજક રાજેશભાઈ જોષી (નાનોલ) તેમજ બંકિમભાઈ દવે સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ભારત માતાકી જય તેમજ એબીવીપીના નારાઓ સાથે રેલી યોજવામાં આવી હતી તેમજ રેલીની પુર્ણાહુતી બાદ એબીવીપી વિશે પૂરતું માર્ગદર્શન અને આગામી સમયમાં કેમ્પસ કારોબારી યોજાશે તે બાબતે નગરમંત્રી રાજેશભાઈ જોષી(નાનોલ) દ્વારા આપવામાં આવ્યુ હતું

## શ્રીનવજીવન વિકલાંગ સેવાશ્રય ભચાઉ દ્વારા ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસની ઉજવણી



આઝાદીના ઉત્સવ અંતર્ગત આજે ૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ૭૮મા સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય ભચાઉ સંચાલિત બે શૈક્ષણિક સંસ્થાઓ, માતૃશ્રી ભમીબેન પ્રેમજી પુજા નિસર ગુજરાતી માધ્યમની શાળા તેમજ પરમાબેન ભૂરા માલશી ગડા પરમશાંતિ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા સમગ્ર સ્ટાફ-ગણ તેમજ વિદ્યાર્થી-ગણ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના સ્થાપક મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ જોષી દ્વારા રાષ્ટ્ર ને સલામી આપવામાં આવેલ. તેમજ બંને માધ્યમિક શાળાઓના બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા આઝાદી પછીના ભારતની પરિ-કલ્પનાઓ અને વાસ્તવિક ચિત્ર વિષે ખૂબ ઊંડાણપૂર્વક વ્યકતવ્ય આપવામાં આવ્યું

એક રાષ્ટ્ર, વ્યક્તિ સૌ એક સમાન અને શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો સંસ્થાના મંત્રીશ્રી ના ઉદબોધનમાં શિક્ષણ, વૃક્ષારોપણ ને સફાઈ એ આજની રાષ્ટ્ર-પ્રેમ માટે ની અને રાષ્ટ્ર પ્રત્યે ફરજ અદા કરવાની પ્રવૃતિ છે. દરેક નાગરિક રાષ્ટ્ર એ મને શું આપ્યું એમ નહીં, પરંતુ મે રાષ્ટ્ર ને શું આપ્યું એ ભાવનાથી જીવે. એવી શુભ-ભાવના દર્શાવી હતી. સંસ્થાના પરિવાર જનો તથા કર્મચારી ગણ ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યા છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાતી માધ્યમના આચાર્ય શ્રીમતી તૃપ્તિ બેન જોષી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું, આભાર દર્શન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ના આચાર્ય જ્યોત્શનાબેન રબારી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન હૂરબાઈ તથા આરતી બેન જાલા તરફ થી કરવામાં આવ્યું હતું.

## એક વર્ષ અગાઉ અકસ્માત સર્જાયો હોવાનું તરકટ રચી કાર ચાલક પાસેથી ૧૦ લાખની લૂંટ ચલાવનાર ત્રિપુટી પૈકી બે ઝડપાયા

વલસાડ જિલ્લાના વાપી પોલીસ મથકની હદ વિસ્તારમા એકાદ વર્ષ અગાઉ ટુ વ્હીલરને અકસ્માત સર્જાયો હોવાનું તરકટ રચી કાર ચાલકને ઊભો રાખી ૧૦ લાખની લૂંટનાં ગુનાને અંજામ આપનાર ત્રિપુટી પૈકી બે આરોપીઓને ૩૦ હજારના મુદ્દામાલ સાથે લોકલ ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા હતા. જેથી આ ગુનાનો ભેદ ઉકેલાયો છે.ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ ડી બી વાળા અને એચ પી પરમાર સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. દરમિયાન મળેલી બાતમીના આધારે મધરડેરી નજીક ઈન્દીરાબ્રીજ નજીકથી બોબી ઉર્ફે રફતાર બળવંતભાઈ રાઠોડ અને નીખીલ લાખુભાઈ રાઠોડ (બન્ને રહે. અરૂણાબેનના મકાનમાં, સીગ્નલની ચાલી, સત્યનારાયણ ડેરીની બાજુમાં, રેલ્વે સ્ટેશન પાસે, છારાનગર, કુબેરનગર) એક્ષેક્ષ ટુ વ્હીલર સાથે આબાદ રીતે ઝડપી પાડવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ.....

# ઓલા ઈલેક્ટ્રિકનો શેર ૨૦% વધીને રૂ. ૧૩૩

ઓલા ઈલેક્ટ્રિક બાઈક લોન્ચ થયા બાદ આજે તેના શેરમાં ૨૦%નો વધારો થયો છે. ૧૩૩ રૂપિયા પર પહોંચી ગયો છે. ઓલાના શેરને બ્રોકરેજ ફર્મ ૐજીમ્ઞ તરફથી ફર્સ્ટ બાય રેટિંગ પણ મળ્યું છેઓલાએ ૧૫ ઓગસ્ટના રોજ તેની પ્રથમ ઈલેક્ટ્રિક બાઈક રોડસ્ટર લોન્ચ કરી હતી. કંપનીએ તેની વાર્ષિક ઈવેન્ટ 'સંકલ્પ ૨૦૨૪'માં ૩ બાઈક મોડલ રોડસ્ટર, રોડસ્ટર એક્સ, રોડસ્ટર પ્રો રજૂ કર્યા. ઓલાએ જૂન ક્વાર્ટરમાં માત્ર ૪૯% ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સ જ વેચ્યા નથી, પરંતુ ભારતમાં બેટરી સહિત મોટાભાગના જરૂરી ઈફ પાર્ટ્સ બનાવવાનું લક્ષ્ય પણ રાખ્યું છે. ઓલા માટે પડકારો તરીકે દેશમાં સ્લો ઈફ પેનેટ્રેશન, તીવ્ર સ્પર્ધા અને બેટરી મેન્યુફેક્ચરિંગ માટે નિયમનકારી સમર્થન માટે અનિશ્ચિત દષ્ટિકોણને ટાંક્યું હતું.ઓલા ઈલેક્ટ્રીકે બે દિવસ પહેલા તેના પ્રથમ ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા હતા. ઓલાને એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં રૂ. ૩૪૭ કરોડની ચોખ્ખી ખોટ થઈ છે. એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં કંપનીને રૂ. ૨૬૭ કરોડનું નુકસાન થયું હતું.

# આર્ટસ કોલેજ, શામળાજી, દેશભક્તિના ઉમંગ સાથે ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી



શામળાજી, ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ – શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટસ કોલેજ, શામળાજીએ ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસની ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિની ભાવના સાથે ઉજવણી કરી. કોલેજના પ્રિન્સિપાલ ડો. અજય કે. પટેલ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવીને ઉજવણીની શરૂઆત થઈ હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓ અને સ્ટાફને પ્રેરણાદાયી સંબોધન કરવામાં આવ્યું હતું.તેમના વક્તવ્યમાં ડૉ. પટેલે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા અને ઉત્સાહ પર પ્રકાશ પાડ્યો હતો, રાષ્ટ્રનિર્માણમાં યુવાનોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય સેનાનીઓએ આપેલા બલિદાનમાંથી પ્રેરણા લેવા અને રાષ્ટ્ર માટે સકારાત્મક યોગદાન આપવા વિનંતી કરી.આ કાર્યક્રમમાં દ્રઝઝ કેડેટ્સ, દ્રજીજી સ્વયંસેવકો, ર્.ઈદ્બં, ર્નસિંગ, સ્જીઉ અને જૈં વિદ્યાર્થીઓ સહિત વિવિધ વિદ્યાર્થી જૂથોની સક્રિય ભાગીદારી જોવા મળી હતી, જેઓ દેશના ઈતિહાસમાં આ મહત્વપૂર્ણ દિવસને ચિહ્નિત કરવા એકત્ર થયા હતા. પર્યાવરણ જાળવણીના સંદેશને આગળ ધપાવવા માટે, વિદ્યાર્થીઓને વૃક્ષોના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, તેમને પર્યાવરણની જાળવણીમાં સક્રિય ભૂમિકા ભજવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઉજવણીના ભાગ રૂપે, ×હર ઘર તિરંગા× થીમ હેઠળ એક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજ સાથે કૂચ કરી, સમુદાયમાં દેશભક્તિ અને એકતાને પ્રોત્સાહન આપ્યું.

# ૧૯ ઓગસ્ટ, "વિશ્વ માનવતાવાદી દિવસ"

૧૯૮૦ નાં દાયકાથી "વિશ્વ માનવતાવાદી દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી દિવસ એ જે માનવતાવાદી કર્મચારીઓએ માનવતાવાદી કારણોસર પોતાનું જીવન ગુમાવ્યું હોય તેમને સમર્પિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં હ્યુમનિસ્ટ્સને ધ્યાનમાં રાખીને, વિશ્વમાં હકારાત્મકતા લાવવા માટે માનવતાવાદ વિશેની સભાનતા પ્રગટાવવાનો છે. યુએનના બગદાદના મુખ્ય મથક પર બોમ્બ ધડાકામાં વિએરા ડી મેલો અને તેના ૨૧ સાથી એવા માનવતા ચિકિત્સકોનાં મોતને યાદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા ૧૯મી ઓગસ્ટનાં દિવસે "વિશ્વ માનવતાવાદી દિવસ" ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. વિશ્વનાં ઘણા લોકો ભૂખમરો અને રોગગ્રસ્ત સ્થળોએ જીવન જીવનારા લોકો માટે સમાજમાં વધુ સારું સ્થાન બનાવવા માટે કાર્ય કરે છે, હ્યુમનિટેરિયન ડે એવા જ માનવતાવાદી કામદારોને શ્રદ્ધાંજલિ આપવાનો એક પ્રસંગ છે જે વિશ્વભરમાં યુદ્ધો અને કુદરતી આફતોનાં ભોગ બનેલા લોકોને મદદ કરવા તેમના જીવનને જોખમમાં નાખે છે. જેણે જીવનમાં ઓછામાં ઓછો એક વાર દરેક જરૂરિયાતમંદોને મદદ કરી છે.કોઈપણ દેશમાં કોઈપણ ધર્મમાં કોઈપણ વિદ્યામાં, ચિકિત્સા શાસ્ત્રોમાં માનવ/મનુષ્ય એ જ મુખ્ય કેન્દ્રમાં છે અને માનવતા એ જ મોટો ધર્મ છે. દરેક વિજ્ઞાન, ચિકિત્સા શાસ્ત્રો, રાજકીય સ્થિતિ વગેરેનું કેન્દ્ર- માનવ જીવન અને તેને જીવન સારી રીતે જીવવાની દૃષ્ટિ વગેરે માનવની સુખ- શાંતિ માટે જ છે. એ માનવને માનવતા શીખવવા તેનાં સ્વાસ્થ્યની રક્ષા કરવા તેના માનસને સાત્ત્વિક બનાવવા ધર્મશાસ્ત્રો ચિકિત્સા રાગો- અન્ય તમામ વિજ્ઞાન વગેરેનું સર્જન થયેલ છે. દરેક કાર્યોમાં માનવ જ મુખ્ય છે. તેના આધારે જ જગતમાં ધાર્મિક્તા, સત્યતા, સદભાવના, સૃષ્ટિનો વિકાસ સૃષ્ટિનું બંધારણ સહયોગ બની રહ્યો છે. "પરસ્પર દેવોભવ માનવ" માનવ માનવતા રાખી એક બીજામાં દેવના દર્શન કરે તો પ્રભુ-પરમાત્મા રાજી રહે. અખા ભગત કહેતા કે, 'તું જ તારો ગુરૂ થા.' ભગવાન પ્રિય માનવની શોધમાં જ્યારે નરેન્દ્રનાથે શ્રી રામકૃષ્ણ પરમહંસને પૂછ્યું કે 'તમે ભગવાનને જોયા છે? ત્યારે પરમહંસે 'હા' કહી તે વખતે નરેન્દ્રનાથે પૂછ્યું'કેવી રીતે ?', 'જેવી રીતે તને જોઉ છું તે રીતે.' રામકૃષ્ણ દેવનાં આ શબ્દોમાં માનવતાનાં અનુભવનો રણકો હતો. તેથી નરેન્દ્રનાથ પીગળી ગયા અને સ્વામી વિવેકાનંદ પ્રગટી ગયા. ભગવત ગીતાનું એક સૂત્ર આપણે સહુને હૈયામાં રાખવા જેવું છે કે 'ઈશ્વર સર્વભૂતના હૃદયે અર્જુન તિષ્ઠતિ' ઈશ્વર દરેક માનવની માનવતાનાં હૃદયમાં રહેલો છે. આમ દરેક દેશ-વિદેશમાં દરેક ધાર્મિકતામાં, દરેક શાસ્ત્રોમાં, દરેક વિજ્ઞાનમાં માનવ જ મુખ્ય છે અને માનવતા એ તેનો મુખ્યધર્મ છે.એક માણસ અન્ય માણસ પ્રત્યે માનવતા દાખવે એ તો પાયાની જરૂરિયાત છે, પણ માણસને હવે પર્યાવરણ અને જીવસૃષ્ટિ પ્રત્યે પણ માનવતા રાખવી અત્યંત જરૂરી બની ગઈ છે. પોતાની અંગત જરૂરિયાતો માટે માણસે જીવસૃષ્ટિને સમગ્રપણે પ્રદુષિત કર્યું છે, સૃષ્ટિનું બેલેન્સ ખોરવાયું છે એટલે જ મનુષ્યને સામાન્ય જીવન જીવવામાં પણ તકલીફો પડે છે. અવારનવાર આવતા રોગો, કોવિડ – ૧૯ જેવી આફતો એનું જ પરિણામ છે. 'જીવો અને જીવવા દો'નું સિદ્ધાંત માણસ ભૂલ્યો છે અને હવે તેને ફરી યાદ કરવાનો જ નહિ, પરંતુ અમલમાં મુકવાનો પણ સમય પાકી ગયો છે. જીવસૃષ્ટિ પ્રત્યે કરુણા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ જ માણસને આવનારી આફતોમાંથી નીકળવાનો રસ્તો સરળ કરી આપશે.



# હવે શિક્ષકોએ ગુજરાત સરકારનું ટેન્શન વધાર્યું, જૂની પેન્શન યોજના લાગુ કરવા ગાંધીનગરમાં ધામા

ગુજરાતના શિક્ષકો છેલ્લા ઘણાં સમયથી જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે સરકારને અનેક રજૂઆત કરી ચૂક્યા છે. જેમાંથી સરકાર સાથે બેઠક કરીને કેટલીક માગણીઓ પૂરી કરવા માટે સરકારે બાંહેધરી આપી હતી. પરંતુ તે અંગે હજુ સુધી સરકાર દ્વારા કોઈ પરિપત્ર કરવામાં આવ્યો નથી. ત્યારે ફરી એકવાર આજે (૧૬મી ઑગસ્ટ) જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ સાથે ગાંધીનગરમાં રાજ્યભરના શિક્ષકો દેખાવ કરી રહ્યા છે.

ગુજરાતમાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના ૫ હજાર જેટલા શિક્ષકો જૂની પેન્શન યોજના લાગુ માંગ સાથે આજે ગાંધીનગર ખાતે દેખાવ કરી રહ્યા છે. તારીખ ૦૧/૦૪/૨૦૦૫ પહેલાં ભરતી થયેલા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અન્ય કેડરના શિક્ષણ વિભાગના કર્મચારીઓએ આગાઉ સરકાર સાથે બેઠક કરી હતી. જેમાં શિક્ષકોને પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે તેમ કહેવામાં આવ્યું હતું. પરંતુ હજુ સુધી સરકારે ઠરાવ જાહેર કર્યો નથી. જેને લઈને રાજ્યના શિક્ષક વિભાગના કર્મચારીઓ ગાંધીનગર ખાતે આવી પહોંચ્યા છે, બનેરો અને સૂત્રોચાર સાથે પોતાની રજૂઆત કરી છે.

# ગાંધીનગર જિલ્લો રંગાયો દેશભક્તિના રંગે, ઘર, દુકાનથી લઈ સરકારી અને ખાનગી એકમોમાં તિરંગો લહેરાયો



ગાંધીનગર જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે એચ.જી. મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ વખારીયા હાઈસ્કુલ ખાતે કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી. જ્યારે તાલુકાકક્ષાનો કાર્યક્રમ સેક્ટર - ૧૧ રામ કથા મેદાન ખાતે યોજવામાં આવ્યો હતો.ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે એચ.જી. મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ વખારીયા હાઈસ્કુલ ખાતે કરવામાં કરવામાં આવી હતી. ગઈકાલે બુધવારે આ કાર્યક્રમનું રિહર્સલ જિલ્લા વિકાસ અધિકારી બી.જે.પટેલની ઉપસ્થિતિમાં યોજાયું હતું.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી બી.જે.પટેલે બાળકો, નગરજનો અને આમંત્રિત મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, સુશોભન, મંડપ જેવી વિવિધ વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે બાળકો દ્વારા રજૂ થનાર દેશ ભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નિહાળ્યા હતા. ત્યારબાદ અધિકારીઓ સાથે સ્થળ પર બેઠક કરીને જરૂરી બાબતો પર ધ્યાન દોર્યું હતું. એજ રીતે આજે સેકટર - ૧૧ રામ કથા મેદાન ખાતે તાલુકા કક્ષાનો ધ્વજ વંદનનો કાર્યક્રમ થોડીવારમાં યોજાનાર છે. અહીં પ્રાંત અધિકારી બી જે મોડીયાનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. ત્યાર જિલ્લા પોલીસ વડા પણ સેકટર ૨૭ પોલીસ હેડ કવાર્ટર ખાતે ધ્વજ વંદન કરશે. મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે પણ મેયર મીરાબેન પટેલના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવશે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર શાખા સંચાલિત

# મહાત્મા ગાંધી વિદ્યામંદિરના સંયુક્ત ઉપક્રમે ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર શાખા સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર અને મહાત્મા ગાંધી વિદ્યામંદિરના સંયુક્ત ઉપક્રમે ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી સેક્ટર ૧૨ ની શાળાના પ્રાંગણમાં કરવામાં આવી. શ્રીમાન નટુભાઈ લાડાણી ના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો. શાળાના આચાર્યશ્રી ભાવેશકુમાર જાનીએ ભગતસિંહ,ચંદ્રશેખર આઝાદ અને અનેક વીર શહીદો ના ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને દેશ વિકાસ અર્થે પૂર્ણ યોગદાન આપવાનું આહવાન કર્યુ. સેક્ટર ૧૬ની શાળાના આચાર્યશ્રી મેહુલભાઈએ વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો દ્વારા પોતાની નૈતિક જવાબદારીઓ નિભાવવા માટે સૂચન કર્યુ. શ્રી નટુભાઈ લાડાણી સાહેબે વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી તેમજ સેક્ટર ૭ ની શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રીમતી હિનાબેને સર્વેનો આભાર માન્યો. ત્રણેય શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિને અનુરૂપ ખૂબ જ સુંદર મજાનો સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો વિદ્યાર્થીઓએ દેશભક્તિના તાલે ખૂબ આનંદ કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેક્ટર ૧૨ ની શાળાના શિક્ષકશ્રી દિનેશભાઈ તરકે કર્યું હતું



૭૮ માં સ્વતંત્રતા દિવસ પર્વ નિમિત્તે હીરામણી સ્કૂલ ખાતે ધ્રવજવંદન અને વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા. શ્રી રાજાભાઈ પાઠક (સંસ્થાપક અને ટ્રસ્ટી સ્વસ્તિક ગ્રુપ ઓફ સ્કુલસ) આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને ધ્વજ વંદન કર્યું.

આ ઉપરાંત દર વર્ષ ની જેમ હીરામણી સાંધ્ય જીવન કુટીર ખાતે આવેલ મંદિર ની ધ્વજા બદલવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતો.

# શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટ્સ કોલેજ - વાઘજીપુરમાં ૭૮ મા સ્વાતંત્ર્ય પર્વની પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં ઉજવણી...



પૂર્વ ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલા શહેરા તાલુકાનું આદર્શ વાઘજીપુર ગામ. આ વાઘજીપુરમાં મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત મુક્તજીવન સ્વામીબાપા આર્ટ્સ કોલેજ અનેક વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરે છે. વરસાદની સિઝન હોવા છતાં મુક્તજીવન સ્વામીબાપા આર્ટસ કોલેજના અધ્યાપક ગણ, વિદ્યાર્થીઓએ ૭૮ મા સ્વાતંત્ર્ય પર્વની ઉમંગભેર ઉજવણી કરી હતી. આ રાષ્ટ્રીય પર્વે સંત શિરોમણી મહંત શ્રી યોગપ્રિયદાસજી સ્વામી, સંત શિરોમણી શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, સંત શિરોમણી શ્રી ધર્મતનયદાસજી સ્વામી, સંત શિરોમણી યોગવલ્લભદાસજી સ્વામી અને સંત શિરોમણી ગુરુપ્રિયદાસજી સ્વામી પધાર્યા હતા. અને રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. મહંત શ્રી યોગપ્રિયદાસજી સ્વામી તથા શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, આપ સૌને અનેક શુભકામના..., આજે આપણે સહુ દેશ વાસીઓ સંકલ્પ કરીએ કે, દેશની એકતા, અખંડિતતા, સાર્વભૌમત્વ જળવાઈ રહે. લોકશાહી અને બંધારણીય મૂલ્યોનું જતન કરીએ, દેશને સર્વ ક્ષેત્રે અગ્રેસર બનાવવા સંપૂર્ણ પ્રયત્નો કરીએ. સમાનતા, બંધુતા, ભાઈચારો, માનવતા અને નીતિમત્તા જળવાઈ રહે. કાયદા- નિયમોનું પાલન કરીએ. દેશને સ્વચ્છ, વ્યસનમુક્ત અને નકારાત્મક ખંડિત પ્રવૃત્તિઓથી મુક્ત બનાવીએ તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# શ્રી સરસ્વતી. વી એસ શાહ. ક્રિસ્ટલ સાયન્સ દ્વારા સ્વાતંત્ર દિનની ભવ્ય ઉજવણી





અરવલ્લી જિલ્લા મોડાસા મા છેલ્લા છ દાયકા થી શૈક્ષણિક સેવા પૂરી પાડતી શ્રી સરસ્વતી બાલ મંદિર મંડળ સંચાલિત વી.એસ શાહ . ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલ જાયન્ટ્સ મોડાસા.સૈયર મોડાસા. સામાજિક કાર્યકરો હાજરીમા ધ્વજવંદન .સન્માન. સાંસ્કૃતિક કાર્યક્રમનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો ૫૮ માં સ્વતંત્ર ને છેલ્લા પાંચ દાયકાથી અરવલ્લી જિલ્લાના ખ્યાતના ડો કાંતિભાઈ પટેલ કે જેઓ સેવા સમર્પણ ની ભાવનાથી પાંચ દાયકાથી આ ભૂમિમાં દર્દીનારાયણ ની સેવા કરી રહ્યા છે તેમના સન્માન સાથે તેમના હાથે ધ્વજવંદનનો કાર્યક્રમ સાથે સ્કૂલના બાળકો દ્વારા દેશભક્તિના ગીતો નૃત્ય દેશ વિશે ના વક્તવ્યો આપી દેશભક્તિના આ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડોક્ટર પ્રજ્ઞેશ પટેલ દ્વારા આઝાદીના ઈતિહાસ આઝાદીના લડવૈયાઓને યાદ કરી બાળકો અને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા

# ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખાની બહેનોની પાંખ ધ્વારા રાજેન્દ્ર નગરમાં રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી ઉત્સાહભેર યોજાઈ

ભિલોડા,તા.૧૬

ભારત વિકાસ પરિષદ ભિલોડા શાખાની મહિલા પાંખની બહેનો ધ્વારા પ્રતિ વર્ષની પરંપરા મુજબ ભિલોડા વિસ્તારની વિવિધ સંસ્થાઓમાં પહોંચી ભાઈ - બહેનના પવિત્ર સ્નેહ, સંબંધ સ્વરૂપે રાખડી બાંધી સમાજ વ્યવસ્થામાં ભાઈ - બહેનના અલૌકિક પ્રેમ - સંબધના તાણાવાણા ગૂંથવાનો નમ્ર પ્રયાસ કરે છે.

ભિલોડા ભારત વિકાસ પરિષદના ભાઈ - બહેનોએ સહયોગ કુષ્ટ યજ્ઞ સંસ્થા, રાજેન્દ્રનગરમાં મંદબુદ્ધિ, દિવ્યાંગ અને કુષ્ટ રોગથી પીડાતા પણ સ્વ ગૌરવ સાથે જીવતા વ્યક્તિઓને ભાઈ - બહેનોના પવિત્ર પ્રેમના પ્રતિક સ્વરૂપે રાખડી બાંધી એક-મેક ને શુભેચ્છાઓ પાઠવી હતી.આ ક્ષણે સૌની આંખોમાં સહોદર લોહીનો સંબંધ નહી પણ લોહીનો બનાવનાર ઈશ્વરના સંતાનોના અલૌકિક નાતે, મળ્યો તે ભાઈ ને મળી તે બહેનનો ભાવ છલકાતો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SSNO:202**

વિષયઃ "તિરંગા (હિન્દુસ્તાનની આં, બાન, શાન"૧૫મી ઓગષ્ટ ")
શીર્ષકઃ "એ દેશ છે મારો". પ્રકારઃ પદ્ય
શબ્દોઃ ૧૨૪. " એ દેશ છે મારો "

છે તિરંગા રૂપી રાષ્ટ્રધ્વજ જેનો, એ દેશ છે મારો.
છે "સત્યમેવ જયતે" મુદ્રાલેખ એ દેશ છે મારો.

છે સત્ય, અહિંસાનો પથદર્શક, એ દેશ છે મારો.
છે ઋષીઓ અને દેવોની ભૂમિ, એ દેશ છે મારો.

છે પશુ, પક્ષી, વૃક્ષોનું પૂજામાં સ્થાન, એ દેશ છે મારો.
છે સરિતાઓને માતાનું જ્યાં સ્થાન, એ દેશ છે મારો.

જનમ્યાં જ્યાં આઝાદ, ભગતસિંહ જેવા બાહોશ દેશપ્રેમીઓ, એ દેશ છે મારો.
પાક્યા જ્યાં પૃથ્વીરાજ, શિવાજીને પ્રતાપ જેવા વીર યોદ્ધાઓ, એ દેશ છે મારો.

રહેતાં જ્યાં સંપીને બધી જ્ઞાતિ, જાતીને ધર્મનાં લોક એ દેશ છે મારો.
અપનાવ્યું છે જેણે "સર્વ ધર્મ સમભાવ"નું સૂત્ર એ દેશ છે મારો.

છે જ્યાં અલગ ભાષાઓ, બોલીઓને સંસ્કૃતિ એ દેશ છે મારો.
છતાંય છે જ્યાં વિવિધતામાં એકતાં એટલે "ભારત"દેશ મારો.

ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ).કઠલાલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 161**

વિષય : તિરંગા
શિર્ષક : ત્રણ રંગોનું ગૌરવ
પ્રકાર : લેખ શબ્દો : ૨૦૮

★વિજયી વિશ્વ તિરંગા પ્યારા ઝંડા ઊંચા રહે હમારા★ આ આપણું ઝંડા ગીત અબાલવૃદ્ધ સૌકોઈના મન મસ્તિષ્ક માં હોય જ છે અને હોવું જ જોઈએ. આપણા દેશને ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ માં આઝાદી મળી. આ આઝાદી શબ્દ ભલે નાનો હોય પરંતુ એની વિશાળતા અનેક ગણી છે. જે આઝાદીની જાહોજલાલી આપણે ભોગવી રહ્યા છીએ એને મેળવવા માટે કંઈ કેટલાય વીર જવાનો શહીદ થઈ ગયા. કેટલીય માતાના લાડકવાયાઓએ આઝાદીની ચળવળમાં પોતાની જાતને હસતાં હસતાં હોમી દીધી. કંઈ કેટલીય નારીઓના સૌભાગ્ય નંદવાયા. દેશને ખાતર પોતાની આખી જુવાની સમર્પિત કરનાર આપણા નેતાઓને કેમેય કરીને વિસરી ના શકાય.

★એ મેરે વતન કે લોગોં,જરા આંખો મેં ભર દો પાની★ ગીત સાંભળીએ તો આજે પણ આપણી આંખો ભીની થયાં વગર રહેતી નથી. એ જ તો આપણા દેશની માટીની કમાલ છે! તિરંગાના ત્રણેય રંગો આપણને ઘણું બધું શિખવાડે છે. કેસરી રંગ સાહસ અને બલિદાનનું પ્રતિક છે. શ્વેત રંગ એ શાંતિ, સત્ય અને પવિત્રતાનું પ્રતિક છે. લીલો રંગ એ દેશની હરિયાળી અને સમૃદ્ધિ નું પ્રતિક છે. ત્રણેય રંગો મળીને દેશને ગૌરવ, અમન તેમજ ભાઈચારાનો સંદેશ આપે છે. તિરંગાને નતમસ્તક પ્રણામ કરીને શિશ ઊઠાવી સલામ કરવી એ ભારતીય હોવાનું ગર્વ પ્રદાન કરે છે.

અનેકતામાં એક્તા રાખીને આપણા તિરંગાનુ અને આપણી ભારતીય સંસ્કૃતિનું જતન કરવું એ જ આપણી નૈતિક ફરજ છે . જયહિન્દ!

∘∘∘∘ગ્રીષ્મા પંડ્યા ∘∘∘∘

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog Ss no : 230**

વિષયઃ તિરંગા શીર્ષક : વતન
પ્રકાર : પદ્ય શબ્દોઃ ૮૭

હમ તુજે છોડ આયે સારે રિશ્તે તોડ આયે હે?હમ ના રહે તુમહારે તું અબ ભી હે સનમ હમારા
યાદ આતે હે અબ બી વોહ નદિયા વોહ દરિયા?વોહ પિપલકી છાંવ વોહ પ્યારા ચમન હમારા
એ વતન એ વતન કસમ હે તુમ્હે મુસ્કુરા દેના?આજ આઝાદીકા દિન હે, તુમ્હે વંદન હમારા
કોઈ કુછ ભી કહે તું હી તું હે જહાંમે પ્યારા હમે?હમ જહાં રહે હમે યાદ આતા રહેગા વતન હમારા
સપનાસે તું દૂર હે જાને -મન સપના તુજસે દૂર હે?આજકે દિન ફીર ભી ખીલ ઉઠા હે વદન હમારા
સપના વિજાપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO.343**

વિષયઃ તિરંગા
શીર્ષકઃ શિરમોર ભારત
પ્રકાર :પદ્ય. શબ્દો :૮૫

---

ભારત દેશ વિશ્વનાં રાષ્ટ્રોને આપે અનેરું માન બીજા દેશો પણ આપે મોંઘેરું સન્માન,
તિરંગો શૌર્ય શાંતિ વિકાસ નાં સંદેશ સાથે લહેરાઈ હર ઘર ભારતીય ની છે જાન,
તિરંગામાં કેસરી શહીદો નાં શૌર્ય નો સફેદ શાંતિનો લીલો હરીયાળી ખેતી નાં પ્રતીકરૂપ રંગની છે શાન ,
કેસરી રંગ રૂપે આઝાદી માટે વીર શહીદો એ લોહી રેડી જીવન કર્યું કુરબાન ,
સફેદ રંગ રૂપે જગ માં અશાંતિ નાં માહોલ્લ માં આપે શાંતિ નો સંદેશ જે છે ભારત ની આન,
લીલો હરીયાળી રંગ રૂપ મહેનત ધગશથી વિકાસમાં દુનિયામાં બન્યો શ્રેષ્ઠ ભારતીય કિશાન,
"ચંદ્ર "સૂર્ય નાં તેજ પ્રકાશ સુધી લહેરાઈ સદા તિરંગો ભારત દેશ શિરમોર બની મળે સર્વ થી સન્માન.

"ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક (નીવૃત પોલીસ સબ ઈન્સ.)
રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO. 183**

શીર્ષક : હર ઘર લહેરાવો
પ્રકાર પદ્ય (ગીત)

તિરંગાને માટે છે માન,
તિરંગાને કાજે છે જાન.
કે હર ઘર લહેરાવો...

તિરંગાને માટે છે આન,
તિરંગાને માટે છે શાન.
કે હર ઘર લહેરાવો...

તિરંગા થી છે પહેચાન,
તિરંગાનું કર તું સન્માન.
કે હર ઘર લહેરાવો...

તિરંગાને માટે તુ ઠાન,
તિરંગાને ભેટે હર જાન.
કે હર ઘર લહેરાવો...

તિરંગાને માટે અભિમાન,
ને ગાઉં હર હર ઘર ગાન,
કે હર ઘર લહેરાવો...

★રચનાકાર આલમ કાસિમ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGO SS NO - 353**

વિષયઃ- ત્રિરંગો
શીર્ષકઃ- ત્રિરંગો પડકાર છે.
શબ્દોઃ- ૯૭

ગગનમાં લહેરાતો ભારતના સાવજનો લલકાર છે.
વિશ્ર્વમાં અનોખો ત્રણ રંગમાં રંગાયો તાજ છે?.

કેસરીયો શકિત વિરતા વીરો નું ઑરઝ છે.
સફેદમાં શાંતિ ને એકલાની હૈયે ધબકાર છે.

લીલાં માં એની સમૃદ્ધિ સુખ દાતારી ની વાત છે.
અશોક ચક્ર માં જ્ઞાન, સંસ્કૃતિ ને ભવ્યતાની વાત છે.

સર્જન નવું રોજ ભારતની ધરતી માં એવી શાન છે.
સ્વાતંત્ર્ય દિન ત્રિરંગો લહેરાવી વીરોને સલામી છે.

હોમ્યા પ્રાણ દેશ કાજે દેશને આપી આઝાદી ની વાત છે.
ભારતના ગુણ ગાન ઈતિહાસ કહેતો ત્રિરંગો પડકાર છે.

પ્રકાશકુમાર.એમ .સોલંકી"એકાંત"વૈરાગી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**

વિષય : તિરંગા
શીર્ષક : મારા વતનની ઓળખાણ 'તિરંગો 'પ્રકાર : પદ્ય, શબ્દ : ૧૨૩

રાષ્ટ્રધ્વજ એ દેશની ગરિમા ગણાય છે,
માન,સન્માન અને ઓળખનું પ્રતિક ગણાય છે.

ગર્વ અને શૌર્યથી ફરકતો 'તિરંગો' એ મારા વતનની ઓળખાણ ગણાય છે,
સાહસ શાંતિ અને ફળદ્રુપતાનો એ ધ્યોતક ગણાય છે.

લહેરાતો એ જ્યાં,ત્યાં દેશની આન, બાન અને શાન વર્તાય છે,
વિશ્વભરમાં એ સાચેજ સઘળે સન્માન મેળવતો આજે અનુભવાય છે.

ભારતમાં પ્રત્યેક નાગરિકને એ ફરકાવવાનો અધિકાર અપાય છે,
જ્યાં મળે સફળતા અને વિજય.. ત્યાં નાદ ગજવતો એ લહેરાતો દર્શાવાય છે.

અનેક શહીદોના તન ઉપર લપેટાઈ,એ વધુ મજબૂત બનતો જાય છે ,
માઠા પ્રસંગે એ અડધી કાઠીએ ફરકી,દેશના દુઃખમાં સહભાગી બનતો જાય છે.

સન્માનથી એને આજે ફરકાવી સલામી આપવાનો આનંદ અનુભવાય છે,
વિશ્વ ફલક ઉપર ઊમદા રીતે ફરકતો રહે, 'ખ્યાતિ' થી પ્રાર્થના એ જ કાયમ કરાય છે.

??..ખ્યાતિ જીગર દેસાઈ (અમદાવાદ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO : 181**

વિષય : તિરંગા
શીર્ષક :"દેશભક્તિનો ચોથો રંગ "
પ્રકાર : પદ્ય
શબ્દો :૧૫૦

હું ત્રિરંગો ...ત્રણ રંગ નો
આસમાને લહેરાઉં....
ત્રણ રંગથી છાજું હું
મુજ વતનને બિરદાઉં ....

રંગ કેસરી, હું ખુમારીનો
સન્માન મારો ગર્વ ...
ઝુકૂં નહીં લગીરે તોય
હર ધર્મને નતમસ્તક રહું....

રંગ સફેદ હું લાગણીનો..
શ્વેત , નિર્મળ અને સ્વચ્છ
કોઈ મેલ જરીયે લાગે નહીં
ના મન ના તન નાહી વતનનો....

રંગ લીલો હું હરિયાળીનો...
મને છાજે લીલાશ ભીની,
ચોકોર રહે અન્ન નો મેળો
મારી માતૃભૂમિ રહે હરી ભરી...

પણ કયારેક જો રંગ લાલ વહે ,
સૈનિકની છાતી ફાડી....
નહીં સહુ હું નામર્દી ....
લડવાની પૂરી મારી તૈયારી...

કેસરિયા રંગ નું તિલક ...
લીલી છે મારી વરદી
બાંધી ને
સફેદ કફન
દુશ્મનને માત દઉં ભારી.....

ચોથો રંગ કૌસુમી, મારી દેશભક્તિનો
ઝૂકાવું શીશ હું માનવતા માટે
પણ લડું ત્યારે બળવાન ...
ફર ફર ફરકું ઉંચે આકાશે
મારો દેશ ભારત મહાન.......

નામઃ ??સુરમી બધેકા ??કૌસુમી- મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

વિષયઃ સ્વતંત્ર્ય દિન
૧૫ મી ઓગષ્ટ ૨૦૨૪

"ધન્ય ધરા ભારતદેશની
તેમા રુડું છે ગરવું ગુજરાત.
" શહીદોનો છે સંદેશ
સોના સરીખો મારો દેશ.
" નરબંકા છે ભારત દેશનાં
દેશની માટી નું નામ સુકાન
" દુશ્મનોને કરે કાળા મેશ
સંતોની ભૂમિ મારો દેશ.
" કદમ કદમ પર નવુ કરવું
વિકાસની કરવી શરુઆત.
" સંત તણો છે ઉપદેશ
ખંતિલો છે મારો દેશ.
" વિશ્વ ભરમા ગુંજતું એક નામ
ધુરંધર છે મારો દેશપ.

- રેખા નાકરાણી
નવી મુંબઈ .

# રેલવે સ્ટેશને હવે આ પ્રકારની એનાઉન્સમેન્ટ થશે -રાજુ રદીની ભવિષ્યવાણી !!!

આપણે ત્યાં દેશમાં તા.સોળ એપ્રિલ ૧૮૫૩ ના રોજ બપોરના ૩.૩૦ કલાકે પ્રથમ રેલવે સેવા શરૂ થયેલી .બપોરે ૩.૩૦ વાગે ૧૪ કોચમાં ૪૦૦ યાત્રીઓને લઈને આ ટ્રને રવાના થઈ હતી. આ રેલગાડીએ ૩૪ કિલોમીટનું અંતર સવા કલાકમાં પુરૂ કર્યુ હતું અને ૪.૪૫ કલાકે થાણે પહોંચી હતી.. પ્રથમ રેલવેને એકવીસ તોપની સલામી આપનામાં આવેલ.૩૪ કિલોમીટરના અંતર હતું . બ્રિટનથી મંગાવવામાં આવેલા એન્જિન સુલતાન, સિંધુ અને સાહિબે ટ્રેન ચલાવી હતી.જો કે, રુરકીમાં કેનાલના નિર્માણ માટે માલ-સામાનના સ્થાનિક પરિહવન માટે ૨૨ ડિસેમ્બર ૧૮૫૧ના રોજ ભારતમાં પ્રથમ ટ્રેનની શરૂઆત થઈ હતી.
ભારતના સ્વાતંત્ર્યના વર્ષ ૧૯૪૭ સુધીમાં બેતાળીસ રેલ સીસ્ટમ હતી. ૧૯૫૧માં રેલવેની સેવાઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું તથા તેને એક છત્ર હેઠળ આવરી લેવાઈ, જેના લીધે વિશ્વના સૌથી મોટા નેટવર્કમાં તેની ગણતરી થવા માંડી. બ્રોડ, મીટર અને નેરો જેવા વિવિધ ગેજ સાથે ભારતીય રેલવે વિભાગ લાંબા અંતરની અને ઉપનગરીય સેવાઓની કામગીરી નિભાવે છે. તે એન્જિન અને કોચ ઉત્પાદનના એકમોની માલિકી ધરાવે છે.
આપણે ત્યાં સમયનું કોઈ મહત્વ નથી.કોઈ પ્રસંગ કે કાર્યક્રમમાં લોકો સમયસર પહોંચતા નથી. આપણી છાપ લેટલતીફની (ગેંગસ્ટર અબ્દુલ લતીફની છાપ શાર્પલતીફનું હોવાનું અંધારી આલમમાં ચર્ચાય છે!) આપણે ત્યાં પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ બે-અઢી કલાક પછી શરૂ થતો હોય છે. આ વિલંબને આપણે ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ એવું નામ આપ્યું છે! ૮૨ પૂર્ણાંક ૧/૨ પૂર્વ રેખાંશ અલ્હાબાદ આપણા સ્ટાન્ડર્ડ ચાઈમનું એડ્રેસ છે, જે પરમેનન્ટ છે!!આપણી પાસે સમયપાલન નામનો પારસમણી નથી. જે દેશની મોટા ભાગની સમસ્યાની ગંગોત્રી છે!!કોઈ જગ્યાએ ઈરાદાપૂર્વક મોડા પડવાને આપણે સ્ટેટસ સિમ્બોલ , પ્રિવિલેઈજ અને સેલિબ્રીટી હોવાની નિશાની માનીએ છીએ. જેટલા મોટા વીઆઈપી એટલો સમય મોડા આવવાનો પરવાનો આપોઆપ મળી જાય છે!!
ફિલ્મી પોલીસ અને રેલવે હંમેશા મોડા પડે છે. એક પણ ફિલ્મમાં ઘટનાની પોલીસને જાણ થાય અને પોલીસ પાંચ મિનિટમાં આવી હોય તેવું એટલિસ્ટ બન્યું નથી!! બોસ, રિલ લાઈફ એટલે કે ફિલ્મોમાં મોડી મોડી પણ પોલિસ પહોંચે છે. જ્યારે રિયલ લાઈફમાં તો પોલીસ પહોંચતી પણ નથી!! ક્યારેક ક્યારેક રેલવે તેના નિયત સમયથી માત્ર એક કલાકથી એકસો ઓગણીસ કલાક ઓગણ સાંઈઠ મિનિટ મોટી પડે છે!!
" કુપયા યાત્રીગણ ( કેટલીક એનાઉન્સર એવી રીતે એનાઉન્સ કરે કે આપણને યાત્રીરીંગણ સંભળાય!!.) ધ્યાન દે . અહમદાબાદ સે નયી દિલ્હી જાને વાલી એક બાપ દો એક નૌ નવરી બજાર એકસપ્રેસ અપ ટ્રેન અપને નિર્ધારિત સમય સે ઉન્યાંશી ઘંટા લેટ ચલ રહી હૈ. આપ દો દિન કે લીએ કહીં ધૂમને ચલે જાવ. હો શકે તો સસુરાલ માઈકે ઘૂમ કે આઈયે. અસુવિધા કે લીએ હમ માફી ચાહતે હૈ!!" (આમાં યાત્રીએ કંકોડા ધ્યાન આપવાનું હોય? ટોપાઓ તગડું ભાડું વસૂલે છતાં સુવિધાને નામે બાબાજી કા ઠુલ્લું?? યાત્રીઓએ નહીં પણ રેલવેએ ધ્યાન દેવાનું છે કે કયા અને કેવા કારણસર ટ્રેન મોડી પડે છે!! આપણા કાન આવી જાહેરાત સાંભળીને કાચી કેરીમાંથી પાકીને પાકી કેસર કેરી બની ગયા છે. જે લોકોને પરીક્ષા આપવાની હોય, નોકરીનો ઈન્ટરવ્યુ આપવાનો હોય, કનેરટિંગ ટ્રેન કે ફલાઈટ પકડવાની હોય તેમની તો વાટ લાગી જાય કે નહીં??( જવાબ-જનાબ વાટ લાગી પણ જાય અને વાટ બુઝાઈ જાય!!)

રાજુ રદી છાતી ઠોકીને કહે છે કે ૧૮૫૩ થી આજદિન એટલે કે અંદાજે એકસો સિતેર વરસમાં એક પણ ટ્રેન સમયસર ઉપડી સમયસર પહોંચી હોય તો મૂંછ મુંડાવી દઉં!! ક્યારેક પેસેન્જરને ભ્રમ થાય કે આજે આકાશપાતાળ એક થયા!! એક ચમત્કાર થયો!! ગાડી સમયસર આવી.પેસેન્જર હર્ષોન્મત થઇ બેભાન થવાની અણી પર હોય. જો કે, પાછળથી ખબર પડે કે આજની ટ્રેનના ઠેકાણા નથી. આ તો ગઈકાલની ગાડી આજે પૂર્વ નિર્ધારિત સમય પછી ચોવીસ કલાક લેટ છે!!કેગના રિપોર્ટ મુજબ દેશના જુદા-જુદા સ્ટેશનો પર ટ્રેનો ઊભી રાખવા માટે પૂરતા પ્લેટફોર્મ નથી અને લાઈનો પણ નથી. ઘણા સ્ટેશનો પર તો ૨૪ કોચવાળી ટ્રેનોને રોકાવા માટે પ્લેટફોર્મ પણ નથી. આ કારણોથી જ ટ્રેનોને સમય પર ચાલતી નથી.

સૂરજ પૂર્વમાં ઉદય થાય છે અને પશ્ચિમમાં અસ્ત થાય છે! આ આપણી અર્ધદગ્ધ માન્યતા છે. કેમ કે , સૂરજ ઉગતો નથી કે આથમતો નથી. પૃ?થવી તેની ધરી ૬૬ પૂર્ણાંક ૧/૨ પર સૂર્યની આજુબાજુ પ્રદક્ષિણા કરે છે. જેના લીધે દિવસ રાત થાય છે!! વા ફરે, વાદળ ફરે , શૂરા બોલ્યા ન ફરે તેવો એક દોહો છે. આકાશમાં પુષ્પો ખીલતા નથી.(નાસાવાળા અવકાશમાં શાકભાજી જેવું કંઈક ઉગાડવામાં સફળ થયા છે!!) એમ કહેવાય છેં. સિંહ ઘાસ ખાતો નથી તેમ રેલવે કદી સમયસર આવતી નથી . સુરેન્દ્રનગરમાં સરકારી નોકરી કરનાર ભોપાલ એકસ્પ્રેસમાં અપડાઉન કરે. ટ્રેન કદી સમયસર ન આવે છતાં બાબુઓ ઓફિસ છોડી ( અરે લીવ કંઈ લેવાની ? ફ્રેન્ચ લીવ એટલે ગુલ્લી. કોલેજિયનની ભાષામાં બેંક મારવાનો!!) સાંજે સાડા ચાર વાગ્યે રેલવે સ્ટેશને પહોંચી જાય!!

ઈંટ અને ઈમારત કોલમના કોલમિસ્ટ અને પદ્મશ્રી ડો.કુમારપાળ દેસાઇ એક વાર વિદેશયાત્રાએ ગયેલ. એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે ટ્રેનની ટિકિટ લઈ સ્ટેશનના પ્લેટફોર્મ પર ગાડીની પ્રતીક્ષા કરતા હતા. કોઈ કારણસર ટ્રેન તેમને લીધા સિવાય ઉપડી ગઈ. પછી કોઈને તેની જાણ થઈ બે સ્ટેશન આગળ ગયેલી ટ્રેન તેમને લેવા રિવર્સમાં પરત આવી. રેલવે અધિકારીને કેટલીવાર એપોલાઈઝ કર્યુ !! સોરી કહ્યું!! આવી તો વિશ્વ ગુરૂ દેશે કલ્પના પણ ન કરવાની હોય, ડયુડ!!

સિલ્વર લાઈન ઈન બ્લેક કલાઉડ્ઝ જેવી ન ભૂતો ન ભવિષ્યતિ એક ઘટના આર્યાવર્ત નામે ઓળખાતા ભારત ખંડે ઘટના ઘટી છે તેવો વૃતાંત જાણવા મળેલ છે!!

દિલ્હી ગોવા વચ્ચે વાસ્કો દ ગામા-હજરત નિઝામુદીન ગોવા એક્સપ્રેસ ટ્રેન ચાલે છે.દિલ્હી જતી ગોવા એક્સપ્રેસ ગુરુવારે મહારાષ્ટ્રના મનમાડ સ્ટેશન પર ૯૦ મિનિટ વહેલી આવી હતી અને ૪૫ પ્રવાસીઓને લીધા વિના જ નીકળી ગઈ !! આ ટ્રેન તેના નિર્ધારિત સમય મનમાડ જંક્શન પર ૧૦.૩૫ કલાકે સવારે આવે છે. જે ગુરુવાર સવારે ૯.૦૫ વાગ્યે મનમાડ જંક્શન પર પહોંચી હતીકેમ કે આ ટ્રેનનો રૂટ ડાયવર્ટ કરાયો એટલે સમયની ખાના ખરાબી સર્જાઇ!ટ્રેન સ્ટેશનથી પાંચ મિનિટમાં જ નીકળી ગઈ હતી. બાદમાં આ પ્રવાસીઓને બીજી ટ્રેનમાં બેસાડી જલગાંવ મોકલાયા હતા જ્યાંથી દિલ્હી જતી ટ્રેનને ખાસ તેમના માટે અટકાવવામાં આવી હતી. !!

દૂરદર્શન જ્યારે મનોરંજનની રીંગમાં માં એક માત્ર સ્પર્ધક હોવાના લીધે સમરસ ગામ પંચાયત જેમ ચેમ્પિયન હતું. પીજ ટીપી પરથી હું અને મારી ભૂરી ભેંસ પ્રકારના અનરોનેન્ટીક નોનએન્ટટેઈનમેન્ટ કાર્યક્રમો વચ્ચો ચિત્રાહાપ કે રગોલી જેવા રણમાં વીરડી જેવા કાર્યક્રમો પ્રસારિત કરતું!! ક્યારેક રાત્રે સરસ મજાનું પિકચર પ્રસારિત થશે તેમ સવારે કાર્યક્રમની રૂપરેખામાં જણાવ્યું હોય એન મોકે પર કોઈનું હળવું સાંબેલાવાદન મુકી દે. જો કે તેના માટે પૂર્વ નિર્ધારિત રૂકાવટ કે લીએ ખેદ હે જેવું મનોરંજક વાક્ય અચૂક બોલે!!)
રાજુ રદી કહે છે કે હવેની રેલવે એનાઉસમેન્ટ આ પ્રકારની હશે!!
" કૃપયા યાત્રીગણણણ ધ્યાયન દે. અહમદાબાદ સે મુંબાઈ જાનેવાલી શતાબ્દી એકસપ્રેસ ગાડી નંબર એક શૂન્ય છેહ પાંચ તીન અપને નિર્ધારિત સમય સે દો ઘંટે પહેલે ચલ રહી હે. યદિ આપ અપની ગાડી છૂટ ન જાય ઐંસા ચાહતો હો તો, સામાન, લુગાઈ, બચ્ચે કો છોડતું તીન ઘંટે પહેલે પ્લેટ ફોર્મ નંબર સાત પર તશરીફ રખ લિજિયે!! ખેદ કે લીએ રૂકાવટ હૈ! સોરી આભાર - નિહારીકા રવિયા રૂકાવટ કે લીએ ખેદ હૈ!!
ભરત વૈષ્ણવ

# ૭૮ મા સ્વાતંત્ર્ય પર્વની અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઉત્સાહભેર ઉજવણી



અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સિવિલ હોસ્પિટલના અસ્મિતા ભવન ખાતે રંગારંગ ઉજવણી કરીને સમગ્ર કેમ્પસને દેશભક્તિમય બનાવવામાં આવ્યું હતુ.

૧૫ મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા મેડીસિટી કેમ્પસ માં આવેલી વિવિઘ સંસ્થાઓ નાં ૧૫ આરોગ્યકર્મીઓનું તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ બહુમાન કરવામાં આવ્યું હતુ.

આરોગ્ય સચિવ ધનંજય દ્વિવેદી દ્વારા અસ્મિતા ભવન ખાતે હાજર તમામ ને સમાજ અને દેશ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવી સાચા અર્થ માં સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી કરવા જણાવ્યુ હતુ. તેમણે ૨૦૪૭ સુધી માં સમાજ માથી કુપોષણ ને નાથવા તમામ ને પોતાના સગાવહાલા તેમજ આસપાસ ના લોકો ને સંતુલિત આહાર લેવા જાગૃત કરવા હાકલ કરી હતી.

સિવિલ હોસ્પિટલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી આરોગ્ય સચિવ ધનંજય દ્વિવેદી ની ઉપસ્થિતિ ની સાથે પીજી ડિરેક્ટર અને ઈન્ચાર્જ અધિક નિયામક, તબીબી શિક્ષણ ડો. મીનાક્ષી પરીખ, ડીન, બીજે મેડીકલ કોલેજ હંસા ગોસ્વામી, , સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી, સિવિલ હોસ્પિટલ નાં એડિશનલ મેડીકલ સુપરિટેન્ડેન્ટ ડો. રજનીશ પટેલ, યુ.એન. મહેતા ડાયરેક્ટર ડૉ. ચિરાગ દોશી, જી.સી.આર.આઈ. ડાયરેક્ટર ડૉ. શશાંક પંડ્યા, કિડની ઈન્સ્ટીટ્યુટ ડાયરેક્ટર ડૉ. પ્રાંજલ મોદી, એમ એન્ડ જે આંખ ની હોસ્પિટલ નાં ડાયરેક્ટર ડૉ. સ્વાતિ રવાણી, સ્પાઈન હોસ્પિટલ નાં ડાયરેક્ટર ડો. પિયુષ મિત્તલ અને ડેન્ટલ હોસ્પિટલ નાં ડિરેક્ટર ડૉ. રુપલબેન સહિતના ઉચ્ચ તબીબો આ ઉજવણીમાં હાજર રહ્યા હતા.

# ઓડ શહેર મા સૂરજબા બ્રાન્ચ શાળા મા સ્વાતંત્ર દિવસ ની ઉજવણી



ઓડ શહેર મા સૂરજબા બ્રાન્ચ શાળા મા સ્વાતંત્ર દિવસ ની ઉજવણી —આણંદ જીલ્લા ના ઓડ શહેર મા ૭૮ માં સ્વતંત્ર્ય પર્વની ૧૫ મી ઓગષ્ટ ની ઉજવણી આનંદ , ઉલ્લાસ પૂર્વક કરવામા આવી .

જલારામ ક્લિનિક ઓડનાં ડૉક્ટર સંજયભાઈ આર પટેલ નાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. બાળકો એ દેશ ભકિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા. યુ.એસ.એ. માં રહેતા ઓડ ના પૂર્ણિમા ચોક ના મહેશભાઈ રામાભાઇ પટેલ તરફ થી સૌને મીઠાઈ આપવામાં આવી. લોજીક કોમ્પ્યુટર ક્લાસીસ નાં ભૌતિક ભાઈ તથા સતનામ ભાઈ તરફ થી બાળકો ને બિસ્કિટ આપવામાં આવ્યા . ડૉક્ટર સંજય ભાઈ તરફથી દરેક બાળક ને શૈક્ષણિક કીટ આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન રજનીભાઇ સુંદર રીતે એ કર્યું હતું . આજે આપણે આઝાદીની ૭૮મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છીએ. આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ ૨૦૦ વર્ષના સંઘર્ષ પછી મેળવેલી આઝાદીની ઉજવણી છે. આ દિવસે ભારત માતાને બ્રિટિશ શાસનના બંધનમાંથી મુક્ત કરવામાં આવી હતી. આપણે આપણા મહાન ક્રાંતિકારીઓના બલિદાનને યાદ કરીએ છીએ અને તેમને સલામ કરીએ છીએ. —- દિલીપભાઈ એસ. પટેલ. -ઓડ.(આણંદ).

### ડાંગ જિલ્લાના સર્વાંગીણ વિકાસ માટે પદાધિકારીઓ અને અધિકારીઓનું સામૂહિક ચિતન

# આગોતરા આયોજન થકી પ્રશ્ન, સમસ્યાના કાયમી ઉકેલની દિશામાં કાર્યવાહી હાથ ધરાશે

આહવા-ડાંગ

જિલ્લાના સર્વાંગીણ વિકાસની દિશામાં પદાધિકારીઓ, અને અધિકારીઓ સામૂહિક ચિંતન મનન કરીને પ્રજા પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવી શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલના જણાવ્યા અનુસાર, વલસાડ-ડાંગના યુવા સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલ, અને કલેકટરશ્રી સહિતના ઉચ્ચ જિલ્લાધિકારીઓએ, ડાંગના પ્રજાપ્રશ્ને સામૂહિક ચિંતન કર્યું હતું.

ગિરિમથક સાપુતારાના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં, શ્રી ધવલભાઈ પટેલ અને શ્રી વિજયભાઈ પટેલ સમક્ષ કેટલાક પ્રશ્નો રજૂ થતાં હતા. જેમાં મહારાષ્ટ્રના નાસિક તથા નંદુરબાર સુધી બસ સુવિધા વધારવા સાથે, પર્યાવરણની જાળવણી સહિત લઘુ ઉદ્યોગો વિકસાવી રોજગારીના અવસર ઊભા કરવા, સ્થળાંતર અટકાવવા, પ્રાથમિક શાળાઓની પાયાકિય જરૂરિયાતોની પૂર્તિ માટે સર્વે હાથ ધરવા, બી.એસ.એન.એલ.ના નેટવર્કનો વ્યાપ અને કાર્ય ક્ષમતામાં વધારો કરવા, નેચરલ ફાર્મિંગ વધારવા, પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ જેવા મુદ્દે પદાધિકારીઓ અને અધિકારીઓએ જરૂરી પરામર્શ કર્યો હતો. આ ઉપરાંત મુખ્ય વહીવટી મથક આહવા ખાતે આવેલા તળાવની સાફ સફાઈ સાથે તેને વધુ લોકભોગ્ય બનાવવાની દિશામાં કાર્યવાહી કરવા ઉપરાંત, આહવા સ્થિત સિવિલ હોસ્પિટલની ખાલી જગ્યાઓ



ભરવા અને નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે તેવા પ્રયાસોની પણ હિમાયત કરવામાં આવી હતી. આ સાથે આહવા ખાતે બ્લડ બેન્ક શરૂ કરવા, અને પાણીની સમસ્યાના કાયમી ઉકેલ બાબતે પણ પૂર્વ આયોજન ઘડી કાઢવા અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન ગિરિમથક સાપુતારા ખાતે ચાલી રહેલા મોન્સુન ફેસ્ટિવલમાં સ્થાનિક કલાકારો/મંડળોને કામગીરી આપવા સાથે અહીની બોટિંગ પ્રવૃતિ ફરી શરૂ કરવા, અને નવાગામ ખાતે પાકા મકાન બાંધકામની પરવાનગી મુદ્દે પણ ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. સાપુતારા સહિત ઘાટ માર્ગમાં ટ્રાફિક અને અકસ્માત નિવારણ બાબતે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સહિત નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલ, કલેકટર શ્રી બી.બી.ચૌધરી, ચીફ ઓફિસર-વ-પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયા, પોલીસ અધિકારીઓ તથા કાર્યપાલક ઈજનેરો વિગેરેએ ઉપસ્થિત રહી, ચર્ચામાં ભાગ લીધો હતો.




રોટરી ક્લબ ઓફ બોરીવલીએ ઈનર વ્હીલ ક્લબ ઓફ બોરીવલી સાથે મળીને અયોધ્યા અને વારાણસીની જાત્રાનું આયોજન કરાયું હતું. પ્રમુખ હરીશ ચંદારાણા, સેક્રેટરી ચેતન જોશી, યાત્રા સેવકો - રાજુલ પાઠક, કમલેશ પિપળીયા, જયનીશા સંપટ, ઈનર વ્હીલના પ્રમુખ તેજલ મહેતા, ક્લબએડમિન રાકેશ શેઠ, દીપાલી વાગલે, વિક્રમ શાહ, બીના શાહ, સોનલ ચંદારાણા, નિલેશ પોપટ, જયશ્રી મજીઠિયા, મોના જ્ઞાની વગેરેએ આપેલા સાથસહકારથી રામ અને કાશી વિશ્વનાથ મંદિરના દર્શન કરાયા હતા.

# થરાદ ખાતે સરહદી સાહિત્ય સભા દ્વારા કવિ સંમેલન યોજાયું

બનાસકાંઠા જિલ્લા ના થરાદ ખાતે આવેલ સરસ્વતી કોલેજ ખાતે સરહદી સાહિત્ય સભા ટ્રસ્ટ આયોજિત કવિ તગજીભાઈ કેશાજી બારોટ ના જન્મ દિવસ નિમિતે કવિ સંમેલન નું આયોજન કરવામાં આવ્યું હતું.જે પ્રસંગે થરાદ રાજપૂત સમાજ ના અગ્રણી ડી.ડી.રાજપૂત, પથુસિંહ રાજપૂત,એસ.આર.બેન્કર સહિત ડૉ મહેશ ડાભી,અશોકભાઈ દવે,પરબતકુમાર નાયી,પરબતકુમાર નાયી,શિવમ વાવેચી,રમેશ ખત્રી ,રુડાભાઈ બોચિઆ,ઈશ્વર ચૌહાણ ,ઈશ્વર ઉડાન,ધેંગાભાઈ સરહદી દિનેશગીરી ગૌસ્વામી સહિત કવિ ગણ તેમજ શ્રોતાઓ બહોળી સંખ્યા માં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત કવિ તગજીભાઇ બારોટે લખેલા પુસ્તકો તેમજ કવિતાઓ અંગે વાતો વાગોળી હતી.જે પ્રસંગે બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સંઘ ના પ્રમુખ ચેતનભાઈ વાઘેલા, પુત્ર ધ્રુવ વાઘેલા એ તગજીભાઈ કેશાજી બારોટ તેમજ પરબતકુમાર નાયી,એસ.આર.બેન્કર ને પોતાના નામ વાળા ગણપતિ ની પ્રતિમા ભેટ સ્વરૂપે આપી હતી.આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં આમંત્રિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી



રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે પટાંગણમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ રાષ્ટ્ર ધ્વજ લહેરાવી ધ્વજવંદન કર્યું હતું. સ્વાતંત્ર દિવસ નિમિત્તે ઉદબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની સર્વે દેશવાસીઓને શુભકામનાઓ પાઠવું છું. મહાત્મા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પક્ષના નેતૃત્વમાં પં. જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર, મૌલાના અબુલ કલામ સહિત અનેક નામી અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને સમર્પણના કારણે આજે આપણે આઝાદી ભોગવી રહ્યાં છીએ. આ દિવસ આપણા બહાદુર નેતાઓ અને સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનને ચિહ્નિત કરે છે, જેમણે દેશવાસીઓ માટે પોતાનું સર્વસ્વ આપી દીધું હતું. દેશના ઘડવૈયાઓ, પૂર્વજોએ માત્ર રાજકીય આઝાદીની કામના નહોતી કરી તેમણે સામાજીક અને આર્થિક આઝાદીની પણ સંકલ્પના કરી હતી. પરંતુ જ્યારે ગુજરાતમાં આર્થિક સંકળામણને કારણે કોઈ વ્યક્તિ કે પરિવાર આત્મહત્યા કરે ત્યારે આપણે કહી શકીએ કે હજુ આર્થિક આઝાદી મેળવવાની બાકી છે. એકતરફ કરોડો અબજો રૂપિયાની ધનસંપત્તિના લોકો હોય તે આપણા માટે ગૌરવ પૂર્ણ બાબત છે પરંતુ શ્રીમંતો અને ગરીબો વચ્ચેનો ભેદ ઓછો ન થાય તે દર્શાવે છે કે, હજુ આપણને આર્થિક આઝાદી નથી મળી. તેવી જ રીતે સમાજ સમાજ વચ્ચે સમન્વય, સમરસતા, પ્રેમ, ભાઈચારો હોય તે જરૂરી છે.

વિશ્વની ખુબ લાંબી ચાલેલી લડત બાદ આપણને આઝાદી મળી, તે વખતે સ્વાતંત્ર સેનાનીઓએ લાંબો સંઘર્ષ કર્યો અને વિરગતી ને પામ્યા તે તમામના ચરણોમાં હ્યદય પુર્વક નમન કરૂ છુ આપણા દેશમા લાંબાસય સુધી આપણે ગુલામી ભોગવી સૌથી વધારે અસરકારક દાંડી યાત્રા થઈ એ પણ ગુજરાતમાંથી થઈ, આઝાદીની લડાઈ લડવામા કોંગ્રેસની પક્ષની વિચાર ધારા મજબુત હતી. કેટલાક લોકો તે વખતે પણ અંગ્રેજોની માફી માંગી અને તેમની તરફ થઈ જતા હતા. મહાત્મા ગાંધી અ સરદાર સાહેબની જન્મભુમી પણ ગુજરાતની તેથી આપણને વધુ ગૌરવ થાય, આજે સત્તામા બેઠેલાએ તે વખતે તિરંગાનો વિરોધ કર્યો હતો, દોરંગા-એકરંગાની વાત કરી હતી. અત્યારે કહે છે ને ''મે અકેલા સબ પર ભારી'' ની ખોટી વાત છે જનતા જર્નાદન તમામ પર ભારે છે તે જનતાએ અનેક વાર સાબીત કર્યુ છે. કટોકટીની વાત કરવા વાળાને આજે મારે કહેવુ છે, દેશમા કોઈ અદાલત હોય તો જનતા અદાલત છે અને કટોકટી બાદ પણ લોકોએ ઈન્દિરાજીને વડાપ્રધાન બનાવ્યા હતા. જે તે સમયએ તિરંગાનો વિરોધ કરનારા આજે મોડા મોડા તિરંગા યાત્રા કાઢે છે, આ તિરંગો દેખાડો કરવા ન હોવો જોઈએ પણ તેની આન બાન શાન સાથે તેનુ ગૌરવ જળવાવુ જોઈએ, હમણા મેસેજ વાઈરલ થયો છે, બુટ ચંપલ નિકાળે ત્યા તિરંગો પડ્યો હોય છે, કાઢો આ લોકોને અને તિરંગાનુ સન્માન કરો, આપણે ક્યારેય આતંકવાદ કે વિદેશનીતીના નામે રાજનિતી નથી કરી, ધર્મ સંસ્થા કે હરેન પંડ્યાની હત્યા થઈ હોય તે સમયએ પણ આપણે ક્યારેય વોટ માટે રાજનિતી નથી કરી. ગઈ કાલે યુપીના સીએમ બોલ્યા કે બાંગ્લાદેશમા જે થઈ રહ્યુ છે તે ને લઈ મો ખોલવુ જોઈએ, લાગે છે કે કહી પે નિગાહે કહી પે નિશાનાની વાત છે, અંધ ભક્તો કહે છે પપ્પાએ રશિયા અને યુક્રેનનું યુદ્ધ રોકાઈ દીધું, તો મારી વિનંતી છે બાંગલા દેશ જાઓ અને સરખું કરો.

આ સ્વતંત્રતા માટે આપણે સ્વાતંત્ર્ય સેનાનીઓનું ઋણી છીએ, જેમના કારણે ભાવિ પેઢીઓ ભારતની મુક્ત હવામાં શ્વાસ લઈ શકે છે. આ દિવસ આપણને તે તમામ બલિદાનની યાદ અપાવે છે, જેમણે આપણી માતૃભૂમિને બ્રિટિશ શાસનમાંથી મુક્ત કરવા માટે પોતાના જીવનનું બલિદાન અને સંઘર્ષ કર્યો હતો.

આદરણીય શ્રી રાહુલ ગાંધી હંમેશા કહે છે કે, ''તિરંગા હી મેરા ધર્મ હૈ'' અને એજ દરેક કોંગ્રેસજનની વિચારધારા છે. રાષ્ટ્રપ્રેમ અને તિરંગા પ્રત્યે આદરભાવ એ દરેક કોંગ્રેસીના લોહીમાં વહે છે. આજે જ્યારે દેશમાં નફરત ફેલાવવા માટે દેશ વિરોધી તત્વો જ્યારે તક સાધી રહ્યાં છે ત્યારે દરેક કોંગ્રેસીજન ખેડૂતો માટે, મહિલાઓ માટે, યુવાનો માટે, દલિત, આદિવાસી, ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગ માટેના હક્ક અને અધિકારોની રક્ષા કાજે એક નવી આઝાદીની લડાઈ લડવા કટિબધ્ધ છે. દેશ હવે આપણી તરફ જુએ છે કે આપણે આપણી ભૂમિકા કેવી રીતે નિભાવીએ છીએ.

# વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા સ્વતંત્ર દિવસ ને ખુબજ સુંદર અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો

વિકલાંગ સહાયક કેન્દ્ર,વટવા અમદાવાદ શહેરમાં આવેલા પૂજા સ્ટુડિયો માં કાર્યક્રમ નો આયોજન કરવામાં આવ્યું.સવારે સંસ્થા ના કાર્યાલય પર દિવ્યાંગ ભાઈ બહેનો તથા મહાનુભાવો સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું,પછી રાષ્ટ્રીય ગીત ગાયું ,પછી દિવ્યાંગ ગો દ્વારા દેશના તમામ શહીદો ને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી ,સાથે દેશ ભક્તિ ના ગીતો રજૂ કરી સ્વતંત્રતા કેવી રીતે મળી એ દશ્યો યાદ કરતા આ ખાસ દિવસ ને રજીસ્ટર ટ્રસ્ટ વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા ઉજવવામાં આવ્યો.



કાર્યક્રમ ના અધ્યક્ષ તરીકે શામ સેવા ફાઉન્ડેશન ના ચેરમેન,સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ના પ્રમુખ,એમએસએમઇ ફેડરેશન પ્રમુખ શ્રી મગનભાઈ પટેલ,સાથે શ્રીનાથ ગ્રુપ ના મેનેજીંગ ડાયરેકટર શ્રી રાજુ ભાઈ પટેલ,ઝીઓન ફાર્મા ગ્રુપ ના મેનેજીંગ ડાયરેકટર શ્રી અંકુર ભાઈ ભાલોડિયા,સમાજ સેવક ગાયક કલાકાર શ્રી શાહ ઝમાન ખાન,રાકેશભાઈ પટેલ ફૈઝ અહમદ ભાઈ,જિગીષા બેન, ભણા ભાઈ,આશાબેન,રમેશભાઈ,આસિફઅલી ભાઈ, વીણા બેન તથા પ્રેસ મીડિયા ના ભાઈઓ ઉપસ્થિત રહી કાર્યક્રમની સોભા વધારી હતી,આવા સુંદર કાર્યો કરવા બદલ પ્રમુખશ્રી બાબુભાઈ સાબુ વાળા ને અભિનંદન પાઠવ્યા હતા.અંતમાં દરેક ક્ષૈદૃઅક્રક્રહર્ષ્ઠ તથા મહાનુભાવો એ અલ્પાહાર અને ચા કોફી લઈ વિદાય લીધી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.